I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંતનું ત્રિમાસિક ઈ-મેગેઝિન

# યુવામંચ

**માર્ચ-૨૦૨૪** અંક-૪




## પસ્તાવો કરો અને પ્રભુ તરફ પાછા વળો.

# યુવામંચ

## ‘યુવામંચ’ લેખકો/કવિઓ અને ગ્રાહકોને સૂચનાઓ.

1.‘યુવામંચ’માં પ્રકાશિત થતાં લેખો,સમાચાર કે અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહેશે.
2.કવિ/લેખકોએ પોતાની કૃતિ સાથે પોતાનું નામ-સરનામું,મોબાઈલ,વોટ્સએપ નંબર તથા ઈ -મેઈલ આઈ-ડી તથા પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અવશ્ય મોકલવો.
3.દરેક લેખક/કવિએ પોતાનો લેખ વર્ડ ફાઈલમાં ‘ગુગલ ફોન્ટ’ માં મોકલવાના રહેશે.(pdf કે JPG ફાઈલ મોકલવી નહી.)
4.લેખ-સમાચારના પ્રકાશન અંગેનો નિર્ણય તંત્રીમંડળનો રહેશે.
5.તમારા તાબામાં થતી યુવા પ્રવૃતિઓ અને અહેવાલ આ મેગેઝિનમાં આવકાર્ય છે.
6.તમારા લેખ,કાવ્યો,સમાચાર કે જાહેરાત 20 મે 2024 સુધીમાં મેઈલ કરવાના રહેશે.
7.‘યુવામંચ’માટે લેખ,કાવ્ય,જાહેરાત,પત્રવ્યવહારનું સરનામું:(ઈમેલ):

**Email id:- icymabad@gmail.com**

---------------------------------------------------

‘યુવામંચ’ ત્રિમાસિક ઈ-મેગેઝિનનો આગામી અંક જૂન મહિનામાં પ્રકાશિત થશે. જેના વિષય બંધનમુક્તતા, વ્યસનમુક્તતા અને પરિવર્તનશીલતા રહેશે તો સર્વને નમ્ર વિનંતી કે આપના લેખો 20 મે 2024 સુધીમાં મેઈલ કરશો.


**પ્રકાશક:-**
ફા. એડવિન આનંદ
( યુથ ડાયરેક્ટર)

**તંત્રી :-**
જીગ્નેશ ક્રિશ્ચિયન

**તંત્રીમંડળ:-**
શૈલેષ રાઠોડ
રીપલ ડાભી
મિતુલ ખ્રિસ્તી
પ્રસન્ના ચૌહાણ
મુસ્કાન રાજ

**જાહેરાત અને પ્રસાર:-**
ફા. એડવિન આનંદ
- (9974204136)
શૈલેષ રાઠોડ
- (9825442991)

**ટાઈપ & ડિઝાઈન :-**
મેકવાન ક્રુતેશ

**પ્રકાશન સ્થળ/કાર્યાલય :-**

**આઈ.સી.વાય.એમ ઓફિસ, લોયોલા હોસ્ટેલ, મિશન રોડ, કરમસદ, ગુજરાત, 388325**
**Email Id:- icymabad@gmail.com**

# યુવામંચ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| **પ્રસ્તાવના– ફાધર એડવિન આનંદ** | 01 |
| તપઋતુના ૪૦ સોપાન - યુવામંચ સમિતિ | 03 |
| તપઋતુ મારી નજરે - જીગ્નેશ ક્રિશ્ચિયન | 04 |
| માતા-પિતા જ સાચા સારથી - સેલ્વીના ક્રિશ્ચિયન | 06 |
| સેન્ટ ગોંઝલો ગ્રાસિયા - મિતુલ ખ્રિસ્તી | 07 |
| ભૂતપૂર્વ યુથ ડિરેક્ટરનો અનુભવ - ફા.વિક્રમ મહીડા | 09 |
| મારી સફર... - સ્નેહલ મેકવાન | 11 |
| ICYM Experience - Maulik Parekh | 13 |







| | |
|---|---|
| ROLE MODELS - BR.RIPAL VAGHELA | 15 |
| બાઇબલમાં સ્ત્રીનું સ્થાન - વિપુલ વાઘેલા | 16 |
| તું માનવી માનવ થા તો ઘણું - કેવિન પરમાર | 18 |
| ARTICLE ON LENT - SR.JENNIFER JRA | 19 |
| મારો નાથ રે - શૈલેષ વાણિયા | 20 |
| TEN QUESTIONS YOUCAT TRANSLATION | 21 |
| વેસ્ટર્ન રીઝન યુથ કોન્ફરન્સ અહેવાલ – શ્રુતિ પરમાર | 25 |


## Special thanks:-

FR.Edwin anand

And

ICYM Team



**Rev Fr. Edwin Anand**
**Youth Director**
**ICYM AHMEDABAD DIOCESE**

# Youth Director's Message

## ભસ્મ બુધવાર અને વેલેન્ટાઇન ડે

**વ્હાલા વાચક મિત્રો,**

આપણે જાણીએ છીએ કે, કેથલિક ધર્મસભામાં તપઋતુની શરુઆત ભસ્મ બુધવારથી થાય છે અને પાસ્ખા પર્વે તેનો અંત આવે છે. આ વર્ષે ભસ્મ બુધવાર ૧૪ મી ફેબ્રુઆરીના રોજ આવે છે અને ૧૪ મી ફેબ્રુઆરીએ વિશ્વભરમાં ‘વેલેન્ટાઈન ડે’ ની ઉજવણી ઉત્સાહભેર થાય છે. આ દિવસની કાગડોળે રાહ મોટાભાગે યુવાવર્ગ જોતો હોય છે.થોડાક દિવસો પહેલા અમુક યુવાઓ સાથે આ બાબતે ચર્ચા ચાલતી હતી. અમુક યુવાઓએ કહ્યું કે , ‘ફાધર કપાળે ભસ્મ લગાડયા બાદ કઈ રીતે પોતાના પ્રેમી કે પ્રેમિકા પાસે પ્રેમનો એકરાર કરવા જવાય? ભસ્મ બુધવારની તારીખ બદલી ના શકાય?’ હસતાં હસતાં મેં તેમને કહ્યું કે, યોગ્ય દિવસે આ પર્વ આવ્યું છે. વેલેન્ટાઈન ડે ના દિવસે પ્રેમી પંખીડાઓ પ્રેમનો એકરાર કરે છે અને પૂછે છે, ‘will you be my valentine?’

સાચો પ્રેમ એટલે શું? આઇ લવ યુ એટલે શું? 'આઇ લવ યુ' એટલે 'આઇ એમ રેડી ટુ સફર ફોર યુ.' આપણાં વેલેન્ટાઈન ઈસુ આપણને ચાહે છે અને તે પ્રેમ માટે તેઓ પોતે ક્રૂસે જડાયા અને મરણ પામ્યા.તે જ રીતે ભસ્મ બુધવારથી તપઋતુની યાત્રા જે શરૂ થાય છે તે દરમ્યાન આપણે તે ઈસુ જે આપણા વેલેન્ટાઈન છે તેમને ધ્યાનમાં રાખીને આપણે પ્રાર્થના, ઉપવાસ અને દાનધર્મ કરીએ છીએ.

**એક નવી પહેલ:** ઘણાં યુવક યુવતિઓ આ ગાળા દરમ્યાન પોતાની વ્યક્તિગત નબળાઈઓ પર કાપ મૂકે છે. હું એક યુથ ડાયરેક્ટર તરીકે એક અપીલ કરું છું કે જે કોઈ નબળાઈ પર તમે કાપ મૂક્યો તેનું વળતર આર્થિક રીતે આઇ સી વાય એમ યુથ કમિશનને આપીને યુવા ઘડતરની પ્રવૃતિને મદદરૂપ બની શકો છો. દા ત. કોઈ યુવાન કે યુવતિને સિગારેટનું, દારૂનું, તમાકુનું, ડ્રગ્સનું વ્યસન હોય તો તે તપઋતુ દરમ્યાન તે નબળાઈ પર કાપ મૂકીને તેનો ખર્ચ આઇ સી વાય એમ ને ચુકવીને બીજાને મદદરૂપ થઈ શકે બીજો કોઈ યુવાન કે યુવતિ જે ઈન્ટરનેટનો ઉપવાસ રાખવા માંગતા હોય તેઓ નેટ કે મોબાઈલ રીચાર્જના પૈસા બચાવીને આઇ .સી. વાય. એમ. ને તે પૈસા આર્થિક રીતે આપીને મદદરૂપ બની શકો છો.

ઉપવાસ કરીને આપણે ભૂખ્યાં રહીએ તે સારું કહેવાય, પણ ઉપવાસ કરીને મારી જે ભોજનની થાળી શું મેં કોઈ ભૂખ્યાં કે જરૂરિયાતમંદને આપી? ત્યારે તે ઉપવાસ કે દાન જીવનઉપયોગી ગણાય.

આ વર્ષે પાસ્ખા પણ ૩૧ મી માર્ચે આવે છે. હિસાબી વર્ષની છેલ્લી તારીખ ૩૧ મી માર્ચ ગણાય છે. તેમ એક દિવસ જ્યારે આપણે મૃત્યુ પામીશું, ત્યારે આપણો હિસાબ પણ કરવામાં આવશે. મૃત્યુમાંથી સજીવન ઈસુ ઉઠ્યા છે તેમ જે નબળાઇઓમાં હું આત્મસંયમ રાખીને ૪૦ દિવસ દૂર રહી શકું છું તેને મારે સંપૂર્ણ રીતે પ્રભુની કૃપાથી નષ્ટ કરીને સજીવન થવાનું છે.

-ફાધર એડવિન આનંદ.

# તપઋતુના ૪૦ સોપાન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1.આજ્ઞા પાળીશ. | 2.નમ્રતા રાખીશ. | 3.સર્વ પ્રત્યે સ્નેહયુક્ત વલણ રાખીશ. | 4.આનંદી મિજાજ રાખીશ | 5.શાંતિભર્યું વર્તન કરીશ. | 6.ધીરજ થી સર્વ કાર્ય કરીશ. | 7.દરેક પ્રત્યે દયા રાખીશ. |
| 8.ભલાઈ યુક્ત જીવન જીવીશ | 9.સમાજને વફાદાર રહીશ. | 10. સ્વ નિયંત્રણનો સતત પ્રયાસ કરીશ. | 11. બીજાને પ્રથમ સ્થાન આપીશ. | 12. સંયમી જીવન જીવીશ. | 13. પ્રામાણિક રહીશ. | 14. પ્રાર્થનામય જીવન જીવીશ. |
| 15. ક્ષમા આપીશ. | 16. દરેક સાથે યોગ્ય વ્યવહાર કરીશ. | 17. સામાજિક નેતુત્વ સ્વીકારવા પ્રયાસ કરીશ. | 18. નિષ્પક્ષ વર્તન દરેક સાથે કરીશ. | 19. પવિત્ર જીવન જીવવા પ્રયાસ કરીશ. | 20. ઠઠ્ઠામશ્કરીથી દૂર રહીશ. | 21. સત્ય બોલીશ. |
| 22. સમજદારી દાખવીશ. | 23. કરુણાયુક્ત જીવન જીવીશ. | 24. શક્તિનો સદુપયોગ કરીશ. | 25. યોગ્ય પ્રતિભાવ રજૂ કરીશ. | 26. ન્યાય માટે લડીશ. | 27. સમયનો સદુપયોગ કરીશ. | 28. નકારાત્મક વર્તનથી દૂર રહીશ. |
| 29. સારા પુસ્તકો વાંચીશ. | 30. બલિદાન આપવા તૈયાર રહીશ. | 31. અસામાજિક ગીતોનો ત્યાગ કરીશ. | 32. હેતુ પર ધ્યાન કેન્દ્રિત કરીશ. | 33. પ્રાયશ્ચિત્ત નિયમિત કરીશ. | 34. સોશિયલ મીડિયાનો સદુપયોગ કરીશ. | 35. પ્રભુના વચનનો ફેલાવો કરીશ. |
| 36. વ્યસનથી દૂર રહીશ. | 37. પાપથી દૂર રહીશ. | 38. મદદરૂપ બનીશ. | 39. નૈતિક જીવન જીવીશ. | 40. પ્રભુનો હંમેશા આભાર માનીશ. | | |

# તપઋતુ મારી નજરે

- જીગ્નેશ ક્રિશ્ચિયન

## પ્રસ્તાવના

તપ એટલે સંતાપ આપવાના અર્થમાં રહેલ શબ્દ છે. કોઈ ભૌતિક કે દિવ્ય વસ્તુ મેળવવા માટે શરીરની સ્વાભાવિક આવશ્યકતા છોડી દઈ શરીરને પીડા આપવી તેને તપ કહેવાય. જેમાં પોતાની જાતને તકલીફમાં મૂકવી જેવી કે ઉપવાસ કરવા,પદયાત્રા કરવી,ભક્તિ કરવી,સતત પ્રાર્થનામાં લીન રહેવું તે. તો ચાલોને આજે તેને કંઇક અલગ રીતે સમજવાનો પ્રયાસ કરીએ.

## તપઋતુનો અર્થ

પ્રભુ ઈસુના શેતાનિક પરીક્ષણ તેમજ તેમનું મૃત્યુ અને ત્યારબાદ તેમના પુનરુત્થાન પહેલાનો સમય એટલે 'તપઋતુ' જો તેને વધારે સહેલી રીતે સમજવું હોય તો ભસ્મ બુધવાર થી શરુ કરીને પવિત્ર શનિવાર વચ્ચેનો સમયકાળ જેને આપણે 'તપઋતુ' તરીકે ઓળખીએ છે. જેમાં દાન-પુણ્ય,તપ,ઉપવાસ,પદયાત્રા તેમજ આપણી કુટેવો છોડવાના પ્રયાસ વગેરે આપણે કરીને પોતાની જાતને તપઋતુ દરમિયાન તૈયાર કરતા હોઈએ છે અને તે વ્યાજબી પણ છે.

## વર્તમાન સમયે તપઋતુ

તપઋતુમાં મોટેભાગે આપણે દાન,તપ વગેરે કરીને પુણ્ય પ્રાપ્ત કરવા જોઈએ વળી બાઇબલ મુજબ એક હાથે દાન કરીએ તો બીજા હાથને જાણ ન થવી જોઈએ પરંતુ તેના સ્થાને ચાલુ દેવાલયમાં આપણા નામ વંચાય તેમજ દેવાલયના નોટિસ બોર્ડ પર આપણું નામ લખાય તેમાં રચ્યા-પચ્યા રહીએ છે. વળી ઘણાં કહેવાતા ધાર્મિક લોકો પદયાત્રા કરીને તેમજ વિશેષ બસ દ્વારા કેટલાય ધાર્મિક સ્થળોએ આધ્યાત્મિકતાના છાંટા વગર તપના ધતિંગ કરતા હોય ત્યારે કદાચ સહજ જ છે કે આપણા ઈસુ વારંવાર ક્રોસને ભેટશે તેમ છતાં આપણું કલ્યાણ થાય તે દેખીતી રીતે શક્ય જ નથી લાગતું...

## આદર્શ તપઋતુ

જો ઈસુના જીવન-કવનને સમજીએ તો જ આદર્શ તપઋતુનો ખ્યાલ આવે જે નીચે મુજબ છે.

**1.** સમજદારી જેવી કે બાળપણમાં દેવાલયમાં ધાર્મિક શાસ્ત્ર સમજવું તેમજ સમજાવવું.

**2.** ભાગીદારીની વાત કરીએ તો પોતે પરમેશ્વર પુત્ર હોવાને નાતે બધું જ કોઈના પણ સાથ સહકાર વગર કરી શકવા સમર્થ હોવા છતાં ૧૨ શિષ્યોની પસંદગી તેમજ તેમના દ્વારા પ્રેષિતિક કાર્ય કરાવવું.

**3.** જવાબદારીની વાત કરીએ તો પાંચ રોટલી અને બે માછલીમાં જ પર્વત પર ચમત્કાર દ્વારા હાજર સૌને જમાડ્યા તે.

**4.** વફાદારીની વાત કરીએ તો પોતે પરમેશ્વર પુત્ર હતા એટલે કદાચ એક સમયે ક્રૂસ પરના મૃત્યુને પોતાના પિતાને વિનંતી કરીને અવગણવા પણ તેઓ સમર્થ હતા છતાં તેમણે કાલવારી પર્વત પર પોતાની જાતને માનવજાતના કલ્યાણ માટે આપી અને પોતાના પિતા પરમેશ્વર પ્રત્યે વફાદાર રહ્યા.

## સમીક્ષા

હવે અત્યારના સમયે ફકત તપઋતુમાં જ તપ,દાન, પુણ્ય વગેરે અને ક્રૂસના માર્ગની દર શુક્રવારે ભક્તિ પૂરતા સીમિત ન રહેતા સમજદારી, ભાગીદારી,જવાબદારી અને વફાદારી સ્વીકારીને સમાજ તેમજ સામાજિક કાર્યો માટે સમય ફાળવીએ ઉપરાંત ફકત ક્રિયાકાંડને સ્થાને આધ્યાત્મિકતા તરફ વળવાનો સાચો પ્રયાસ કરીએ તો ચાલોને હવે કંઇક આવા વિશેષ તપ કરીએ અને સતત સમાજ અને ધર્મના તાંતણે જોડાયેલા રહીએ.


## જાહેરાત છાપવા માટે નો દર

**આખું પેજ: 2000/-**
**અડધું પેજ: 1000/-**
**1/4 પેજ: 500/-**
**ટચુકડી: 250/-**

**નોધ:**
**'યુવામંચ'માં પ્રસિદ્ધ થતી જાહેરાત ધર્મસભાના સિદ્ધાંતો,મુલ્યોને અનુરૂપ હોવી જોઈએ.**

# માતાપિતા જ સાચા સારથી...

• સેલ્વીના ક્રિશ્ચિયન

**માતાપિતા જ સાચા સારથી...**

પરીક્ષાની બધી બાજુ એક અલગ જ અસર હોય છે.
બધા માતાપિતા બાળકોને રાતે વાંચવા આગ્રહ કરતા,
જયારે મારા પિતા મને સુઈ જવા માટે આજીજી કરતા.
હું દિવસભર પરીક્ષાની તૈયારીમાં રહેતી અને
મારા પિતા મારી સેવામાં તત્પર રહેતા,
સવારે હું ઉઠું ત્યારે મારો દૂધનો પ્યાલો તૈયાર રાખતા.
રાતે હું જાગતી પણ મારી ચિંતામાં મારા પપ્પાને ઊંઘ ન આવતી.
પેપર આપવા જાવ તો એમનો આશાસભર ચેહરો મને જ જોઈ રહેતો.
પરીક્ષા પછી પરિણામની ચિંતા છોડી દેવા હંમેશા મને કહેતા.
પરિણામ આવતા મારાથી પણ વધારે ખુશ થતા,
એમનું એ સ્મિત જ મારા જીવનની સૌથી અમૂલ્ય સિદ્ધિ બની રહેતી.
બધું જ સરળ બની જાય છે જયારે માતા-પિતા સાથ રહે છે.
ભલે વાત પરીક્ષાની હોય કે જીવનની,
માતા-પિતા જ સાચા સારથી છે.

---

ફા. ‘યુવામંચ’ મેગેઝીનના ડિસેમ્બરના અંક માંથી વિશાલ પટેલીયા લેખિત લેખ ખુબ હૃદયસ્પર્શી અને અસરકારક હતો.... તેઓશ્રીને મારા તરફથી ખૂબ જ અભિનંદન.... લેખન ચાલુ રાખવા સલાહ આપું છું.- મહેશભાઈ પરમાર, ચાવડાપુરા

# ICYMના રક્ષક સંત ગોન્સાલો ગાર્સિયા

– મિતુલ ખ્રિસ્તી

ગોન્સાલો ગાર્સિયાનો જન્મ 1556 ની આસપાસ ભારતના પોર્ટુગીઝ ક્વાર્ટરમાં આવેલા કિલ્લેબંધી શહેર બાસીનમાં થયો હતો. તેમના પિતા પોર્ટુગીઝ સૈનિક હતા. અને તેમની માતા પોર્ટુગીઝના વતની હતા.

ગોન્સાલો સ્થાનિક જેસુઈટ્સ સંઘ સાથે રહ્યા ત્યારે, તેમની મિત્રતા એક પાદરી નસેબેસ્ટિયન ગોન્સાલ્વિસ સાથે થઈ.જે ગોન્સાલોના માર્ગદર્શક હતા. તેમણે જેસુઈટ્સ સાથે તત્વજ્ઞાન અને રોમન ઈતિહાસનો અભ્યાસ કર્યો. જ્યારે તે 13 વર્ષનો હતા, ત્યારે ગોન્સાલોને ફ્રા સેબાસ્ટિયનને જાપાનમાં મિશનરીઓમાં જોડાવાની પરવાનગી માંગી. પરંતુ તેમની વિનંતીને નકારી કાઢવામાં આવી, કારણ કે તે ખૂબ જ નાના હતા પણ બે વર્ષ પછી તેમને સ્વીકારવામાં આવ્યા હતા.
જાપાન પહોંચ્યા ત્યારે ત્યાં ગોન્સાલો દયા અને જાપાનીઝની અસ્ખલિત સમજણથી બાળકોને તેની તરફ દોરતા.તેમણે જેસુઈટ્સ સાથે જાપાની મિશનરી ક્ષેત્રોમાં આઠ વર્ષ કામ કર્યું. તેમણે જેસુઈટ્સ સંઘમાં જોડાવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમને નકારવામાં આવ્યો.આશા ગુમાવતા, ગોન્સાલોએ જેસુઇટ્સ છોડી દીધુ. તે જાપાનના લાકાઓ શહેરમાં ગયા અને વેપારી તરીકે કામ શરૂ કર્યું. તેમના વ્યવસાયિક વ્યવહાર દ્વારા તે સમ્રાટ સહિત જાપાની સમાજના ઘણા ઉચ્ચ પદના સભ્યોના સંપર્કમાં આવ્યા.ગોન્સાલો ધાર્મિક સંઘના સભ્ય બનવા માટે ઉત્સુક હતા. આખરે, તેમને ---- ફ્રાન્સિસ્કન્સ દ્વારા સ્વીકારવામાં આવ્યો. તે મનીલા ગયા, જ્યાં તેમણે શિક્ષક તરીકે કામ કર્યું. 1593માં, તેઓ અનુવાદક તરીકે જાપાનમાં સ્પેનિશ પ્રતિનિધિમંડળમાં જોડાયા. કેટલીક પ્રારંભિક સમસ્યાઓ હોવા છતાં, સ્થાનિક રાજા તેમના પ્રત્યે મૈત્રીપૂર્ણ હતા અને ગોન્સાલો તેમના મિશનરી પ્રયત્નોમાં ખૂબ સફળ થયા.

ગોન્સાલોની સફળતાએ બૌદ્ધ પાદરીઓને નારાજ કર્યા. તેથી તેઓએ રાજાને ગોન્સાલોને કાઢવા કીધું પરંતુ તેમણે ના પાડી. સાન ફેલિપ નામના સ્પેનિશ ટ્રેઝર જહાજ તોફાનને કારણે ઉતરાણ કરવાની ફરજ પડી હતી. કેપ્ટને ભૂલથી સ્થાનિક જાપાની કસ્ટમ એજન્ટને કહ્યું કે સ્પેનિશ રાજા દ્વારા ફ્રાન્સિસ્કન્સ લોકોને તેમના શાસક સામે બળવો કરવા માટે પ્રભાવિત કરવા માટે મોકલવામાં આવ્યા હતા. આ જૂઠાણાનો લાભ ફ્રાન્સિસ્કન્સના દુશ્મનોએ લીધો હતો. જ્યારે તાઈકોસામાએ વાર્તા સાંભળી ત્યારે તે ગુસ્સે થયો અને તેણે આદેશ આપ્યો કે જાપાનના તમામ મિશનરીઓની ધરપકડ કરવામાં આવે અને તેમને મૃત્યુદંડ આપવામાં આવે. ફ્રાન્સિસ્કન્સની 8 ડિસેમ્બર, 1596ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી. ત્યારપછીના ફેબ્રુઆરીમાં, 26 ખ્રિસ્તીઓને નાગાસાકીની બહાર એક ટેકરી પર લઈ જવામાં આવ્યા અને તેને વધસ્તંભે જડવામાં આવ્યા.ગોન્સાલોને પ્રથમ ક્રૂસ પર ચડાવવામાં આવ્યો હતો. એકવાર મિશનરીઓને

વધસ્તંભ પર ખીલી નાખ્યા પછી, સૈનિકોએ ભાલા વડે દરેકને હૃદયમાં વીંધી નાખ્યા. આ જોઈને ભીડમાંના ખ્રિસ્તીઓએ રક્ષકોને તોડી નાખ્યા અને આ પવિત્ર શહીદોના લોહીને ભીંજવા માટે કપડાના ટુકડાનો ઉપયોગ કર્યો. દિવસના અંતે કેટલાક ખડતલ સૈનિકોની આંખોમાં પણ આંસુ હતા અને 40 દિવસ સુધી તેઓ અકબંધ રહ્યા.

સેન્ટ ગોન્સાલો ગાર્સિયા ભારતના પ્રથમ સંત હતા. પોપ પાયસ નવમા દ્વારા 8મી જૂન 1862 ના રોજ તેમને સંત જાહેર કરવામા આવ્યા. દર વર્ષે 6 ફેબ્રુઆરીના રોજ તેમનો તહેવાર ઉજવવામાં આવે છે.

**સૂચના :-**

**જે બાળકો, કિશોરો અને યુવાઓ ઉનાળુ સ્પોકન ઇંગ્લિશ કેમ્પમાં આવવાની ઈચ્છા ધરાવતા હોય તેઓ પોતાના નામ વહેલી તકે ફા.એડવિન આનંદ ને નોંધાવી શકો છો. જેથી યોગ્ય આયોજન કરી શકાય.**
**(છોકરા - છોકરીઓની રહેવા જમવાની સગવડ કરવામાં આવશે.)**

**ફા. એડવિન આનંદ**
**- (9974204136)**



# ભૂતપૂર્વ યુથ ડિરેક્ટરનો અનુભવ...

• ફા. વિક્રમ મહિડા

**પ્રસ્તાવના (૨૦૧૮ થી ૨૦૨૩)**

૧૦મી જૂન ૨૦૧૮ના રોજ મે યુથ ડિરેક્ટર તરીકે ચાર્જ લીધો હતો.જે તે સમયે યુથની સમિતિના માળખાનો અભાવ હતો માટે મે ૬ મહિના સુધી ધર્મપ્રાંતના વિવિધ તાબાઓમાં જઈને ત્યાંના યુવાન-યુવતીઓનો અભિપ્રાય અને અપેક્ષાઓ જાણવાનો પ્રયાસ કર્યો હતો.

**શરૂઆત**

મારા સમયે પ્રથમવાર નગરા ખાતે બાઇબલ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં એક વર્ષ માટે વિવિધ તાબામાંથી આવેલ યુવાન-યુવતીઓની સ્વયંસેવકોની ટીમ બનાવીને ધર્મપ્રાંત સ્તરે યુવાકાર્યની શરૂઆત કરવામાં આવી. બેંગલોર ખાતે એનિમેશન યુથ ટ્રેનિંગમાં જઈને આખું માળખું હું સમજ્યો અને તે મુજબ જૂન ૨૦૧૯માં ICYMના મૂળ બંધારણને આધારે નવી કોર કમિટીની રચના આપણા ધર્મપ્રાંતમાં કરવામાં આવી.

**કાર્ય**

યુવાન-યુવતીઓ સાથે અગણિત કાર્ય કરેલ છે તેનો મને ગર્વ છે જેમાં મુખ્યત્વે યુવા તપશ્ચર્યા યાત્રા જેમાં વૃદ્ધાશ્રમ,અનાથાશ્રમ,આંકલાવધામ અને વડોદરા ખાતે મધરોની સાથે સંવાદનો સમાવેશ થતો હતો,યુથ યુનિટી ફિયેસ્ટા જેમાં યુવાન-યુવતીઓ માટે પવિત્રતાના શીર્ષક મુજબ AGSDM, SYM અને ICYMનો એક છત નીચે સેમિનાર કરવામાં આવ્યો,ધર્મપ્રાંતની નવી સમિતિ માટે નેશનલ યુથના પ્રમુખ અને ડિરેક્ટરના નેજા હેઠળ તાલીમ કાર્યશાળા નડિયાદ ખાતે રાખીને યુવાનોને તાબાથી માંડીને રાષ્ટ્રીય કક્ષા સુધી કેવી રીતે યુવાકાર્ય કરવું તેની સમજણ આપવામાં આવી.

કોરોનાકાળમાં ઓનલાઇન વેબીનાર પણ રાખવામાં આવ્યો હતો જેનો વિષય “કેથોલિક યુવાઓના પડકાર અને ઉકેલ” હતો ઉપરાંત તે જ સમયે ફ્રી ટિફિન સેવા પણ દરેક લોકો માટે પૂરી

પાડવામાં આવી હતી.

એક વિશેષ આધ્યાત્મિક સંમેલન બ્રધર મારિયો જોસેફની વિશેષ ઉપસ્થિતિમાં યુવાન યુવતીઓ માટે રાખવામાં આવ્યું હતું તેમજ ફરીવાર તપઋતુમાં શિબિર માટે પણ તેમણે બોલાવીને આધ્યાત્મિક ભાથું યુવાન-યુવતીઓને આપ્યું હતું.

કાઇરોસ ગુજરાતનું પ્રથમવાર આયોજન ચાવડાપુરા ખાતે કરવામાં આવ્યું હતું જેમાં YU4Cના ભારતના રાષ્ટ્રીય કોઓર્ડીનેટર એવા અજજીન જોસેફ અને તેમની ટીમને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

**ગર્વની લાગણી**

Spoken English Campનું પણ મારા સમયે આયોજન થયું તેનો ગર્વ છે. સાથો-સાથ NYCમાં નેલ્સનની વરણી, WRYCમાં એન્જલની વરણી તેમજ YU4C ગુજરાતનાં કોઓર્ડીનેટર તરીકે પૃથ્વીરાજની પસંદગીથી મારું હૈયું આજેય ખુશીથી દ્રવી ઉઠે છે. તેમજ એવા કેટલાય યુવાન યુવતીના હું સંપર્કમાં હતો તેઓ પોતાના તાબાથી માંડીને છેક રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ પ્રકારના કાર્ય કરી રહ્યા છે તેનું વિશેષ ગૌરવ અને ગર્વ છે.

**સમીક્ષા**

કાચના વાસણ જેવા આપણા યુવાન-યુવતીઓને સમજ્યા અને સાચવ્યા તેમજ તેમની સાથે આત્મિક સંબંધ તેમજ આધ્યાત્મિકતા કેળવવામાં હું સફળ રહ્યો છું તેનો મને ગર્વ છે. મારા કાર્યકાળ દરમિયાન મને મદદ કરેલ દરેક પુરોહિતગણ,ધર્મભગિનીઓ,સામાજિક કાર્યકરો, વડીલ તેમજ મારા વ્હાલા યુવાન-યુવતીઓનો આભારી છું.

**I.C.Y.M અમદાવાદ ધર્મપ્રાંત ના યુટ્યુબ ચેનલ સાથે જોડાવા નીચે ના બટન ઉપર ક્લિક કરો.**




**આપના તાબામાં યોજાતી યુવા પ્રવૃત્તિઓનો અહેવાલ 'યુવામંચ' માટે મોકલી આપવા વિનંતી છે.**

# મારી સફર...

પરિવર્તન એ સંસારનો નિયમ છે. મારું જીવન પણ એમાંથી બાકાત રહ્યું નથી.પરિવર્તન એ જીવનની દશા અને દિશા નક્કી કરે છે.આવું જ પરિવર્તન મારા જીવનમાં આવ્યું. જેણે મારા જીવનને યોગ્ય દિશા આપી,માત્ર યોગ્ય દિશા જ નહિ,પણ મારા અસ્તિત્વને નવી ઓળખ આપી.મારી જીવનરૂપી ઇમારતમાં જે મજબૂત પાયા પર ઘડાઈ તે ઇન્ડીયન કેથોલિક યુથ મૂવમેન્ટના જૂના સંસ્મરણો યાદ કરતા હું આનંદની લાગણી અનુભવું છું.

હું કિશોરાવસ્થામાં સ્વભાવે શરમાળ પ્રકૃતિનો હોવાને કારણે ઘરથી દૂર જવાનું પણ પસંદ કરતો નહોતો.મારા મને ઘર એજ સર્વત્ર હતું.એકવાર નડિયાદ પાસ્ટર સેન્ટર ખાતે ICYM આયોજિત બે દિવસીય પ્રેરણાત્મક શિબિરમાં ભાગ લીધો બસ આ મારા જીવનમાં ICYMની પહેલી મુલાકાત હતી.આ શિબિરથી હું એટલો પ્રભાવિત થયો કે પછી વારંવાર આવી શિબિરોમાં ભાગ લેવા તત્પર રહેવા લાગ્યો. એ સમયે ICYMના યુથ ડિરેક્ટર પૂજ્ય ફાધર ટોની હતા.તેઓ સતત અમારા સંપર્કમાં રહેતા અને અમને પ્રેરણા આપતા હતાં. હજી પણ મને યાદ છે તારીખ ૨૫ ડિસેમ્બર ૨૦૦૬ના રોજ સાંજના સમયે ૭ થી૮ વાગ્યાની વચ્ચે મારા ઘરે(વડતાલ) ખાતે ફાધર ટોની,તેમજ બ્રધર સંદીપ અને બ્રધર એડવિન (હાલ બન્ને પુરોહિત)નાતાલની શુભેચ્છા પાઠવવા આવ્યા ત્યારે એક વિશેષ પ્રકારની આત્મીયતા બંધાઈ અને ICYM સાથેના સંબંધ વધુ મજબૂત બન્યા.ત્યારબાદ નવી કોર કમિટીની રચનામાં હું ICYM અમદાવાદ યુવા આયોગનો સેક્રેટરી બન્યો.મારી સાથે દિનેશ,રેનીશા અને વર્ષા પણ હતા.

જે સ્નેહલને કોઈ ઓળખતું નહોતું તેને ICYM થકી ધર્મસભા અને ધર્મવિભાગમાં નવી ઓળખ મળી. ફાધર ટોની અમને સતત માર્ગદર્શન પૂરું પાડતા અને ધર્મપ્રાંતમાં યુથ માટેની પ્રવૃત્તિઓમાં અમે વધુને વધુ સક્રિય કાર્ય કરતા થયા.થોડા

સમય બાદ ફાધર પરેશ યુથ ડિરેક્ટર બન્યા ત્યારે તેમની સાથે પણ વિવિધ પ્રવુતિઓમાં પણ સક્રિય થવા લાગ્યા અને ઘડતર પણ વધુને વધુ થવા લાગ્યું. પછી હું પણ Spoken English કેમ્પમાં જોડાતા મને ડાકોર,વડતાલ,કરમસદ અને નગરામાં બાળકો અને યુવાનો સાથે કામ કરીને એક વિશેષ ઓળખ અને આદર મળવા લાગ્યો.થોડા સમય બાદ હું ICYM અમદાવાદ યુવા આયોગનો પ્રમુખ બન્યો તેના થકી હું ધર્મપ્રાંતની પાસ્ટર કાઉન્સિલનો સભ્ય બન્યો. WRYCમાં સતત ત્રણ વર્ષ સુધી અમદાવાદ ધર્મપ્રાંતના યુથ તરીકે પ્રતિનિધિત્વ કર્યું સાથે ભારતીય યુવા સભા,મુંબઈ (ગોરેગાંવ)માં આયોજિત થયું હતું તેમાં અમદાવાદ ધર્મપ્રાંતના યુવા તરીકે પ્રતિનિધિત્વ કરવાની તક પણ મળે છે આમ અનન્ય કાર્ય કરવાની તક ICYM અમદાવાદ યુવા આયોગ દ્વારા મળેલ છે.મારા જીવન ઘડતરમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. ફાધર પરેશ બાદ ફાધર સંદીપ યુથ ડિરેક્ટર બનતાં તેમની સાથે પણ ૨ વર્ષ કાર્ય કર્યું.સામાજિક તેમજ સાંસારિક જીવન આગળ વધતાં યુથ તરીકે ICYM સાથે સંબંધ પૂરો થયો.

વ્હાલા યુવામિત્રો, ICYMએ મારો શ્રેષ્ઠ મિત્ર બન્યો છે.આ પંક્તિ ખરેખર મારા અને ICYMના સાથેના સંબંધમાં સાર્થક બને છે.

**“મિત્ર એવો શોધવો ઢાલ સરીખો હોય,**
**સુખમાં પાછળ રહે દુ:ખમાં આગળ હોય.”**

ખરેખર ICYM એ યુવાનોમાં સાચો માર્ગ, સાચી દિશા બતાવે છે. એ મે મારા જીવનમાં અનુભવ્યું છે. આ સફરમાં મારા ધર્મવિભાગ વડતાલનું પણ ઘણું યોગદાન છે. હું આજે જે કાંઈ છું તેમાં ICYMનો સિંહફાળો રહેલો છે. આજે જ્યારે ICYM રજત જયંતી ઉજવી રહ્યું છે ત્યારે હું ખુબજ આનંદની લાગણી અનુભવું છું. આ પ્રસંગે વર્તમાન યુથ ડિરેક્ટર ફાધર એડવિન આનંદ કે જેઓ મારા પરમમિત્ર છે તેમને ખુબ જ શુભેચ્છાઓ સાથે આભારની લાગણી વ્યક્ત કરું છું.

અંતમાં ICYMના બધા જ યુથ ડિરેક્ટર, યુવામિત્રો,આર્ચબિશપ થોમસ મેકવાન,વડતાલ તાબાના ફાધર,સિસ્ટર તેમજ વિશેષ રીતે ફાધર રોકી પિન્ટો,ફાધર જોયલ(વડોદરા) ઉપરાંત ફ્રાન્સિસ કાનીસ,શૈલેશ ક્રિસ્ટી અને મારા પરિવારજનોનો હું ખાસ હ્રદયના ઉંડાણથી આ લેખ મારફતે આભાર વ્યક્ત કરું છું ઉપરાંત ઇશ્વરને પ્રાર્થના કે આવનાર સમયમાં ICYM અમદાવાદ યુવા આયોગ દ્વારા યુવાન-યુવતીઓના ઉત્થાન માટે સતત કાર્ય થતાં રહે તેમજ યુવાન-યુવતીઓને ઈશ્વરની વધુ નજીક લાવે તેમજ સાચી દિશા બતાવનાર માર્ગદર્શક બની રહે તે જ પ્રાર્થના.

સર્વને જય ઈસુ.

- સ્નેહલ મેકવાન

# ICYM Experience

I am glad to share my experience of ICYM at this platform, it was an amazing experience where I got a chance to develop my faith in God along with developing interpersonal skills.

I have a special attachment with ICYM as it was a golden time which I had spent during various camps of ICYM. I have attended many camps and enthusiastically participated in all the activities. Apart from spoken English, ICYM organizes a lot of extra curricular activities which helps youth to improve their skills and gained practical experience of working in a group setting environment.

ICYM also taught me a religious importance as it was mandatory to attend morning masses and regular prayers. The social development was another focused part of ICYM, the youth get a chance to meet with people with different backgrounds and learn to engage with them in various tasks. Here, the youth share their knowledge, ides, and skills to work with the group and learn new things.

The spoken English which I have studied during my ICYM journey helps me a lot in my career development, I was in America for 9 years and now I m in Canada from last 1 year. It was tough to settle in these countries as everything was new, but at least my English was improved in ICYM and I was capable to

communicate fluently in English with people so it was a huge benefit to study in abroad as well as to get a job.

I am thankful to Fr. Tonny for teaching me lessons of discipline and punctuality – these two values have a significant impact on my life especially it makes me able to stand different from the crowd. Fr. Edwin had also played vital role in youth's development, we learned a ot of things under his guidance and l leadership. Fr. Edwin always motivates the youth to be religious person and organizes different religious activities often. The focus of ICYM is a holistic development of youth who comes to attend the camps. It's been 10 years since I have attended my last camp with ICYM, but I am still attached and connected by heart with ICYM – that's the impact ICYM has left on me.

- **Maulik Parekh (Canada)**

YU4C EVENT






# મારું માર્ગદર્શક કોણ?

જો હુ તમને એમ પુછુ કે તમારી મનગમતી કે મનપસંદ વ્યક્તિ કોણ? તો તમે તરત જ ઘણા બધા જવાબ આપશો. સાચી વાત ને? જો તમને રમતગમતમાં રસ હશે , તો કદાચ વિરાટ કોહલી અથવા તો રોહિત શર્મા ; જો કોઈને અભિનયમાં રસ હશે તો સલમાન , શાહરૂખ, દિપીકા પાદુકોન વગેરે વગેરે જવાબ આપશો. આપના બધાં જ જવાબો સ્વીકાર્ય છે. પરંતુ હવે જો હું તમને એમ પુછુંકે શું તમારી મનગમતી વ્યક્તિ તમને તમારા સ્વપ્નો સુધી લઇ જવામાં મદદરૂપ થાય છે? તો તમારો જવાબ શું રહેશે ? આપણે અટવાઈ જઈશું! સાચુંને! પરંતુ સાચી રીતે તો આપણા રોલ મોડેલ તો આપણને સશકત કરવા જોઈએ. તેઓએ આપણને ‘પ્રેરણાનો સ્ત્રોત’ પુરો પાડવો જોઈએ. આપણા જે સપનાઓ છે તે માટે આપણે રચ્યાપચ્યાં રહેતા શિખવે એ આપણો ‘સાચો રોલ મોડેલ’.પરંતુ આજકાલ, જાણીતા અને પ્રખ્યાત લોકો આપણો કિંમતી સમય બગાડે છે.

મિત્રો, સારા રોલ મોડેલ્સ તો તમને ગલીયે ગલીયે જોવા મળી જશે. પરંતુ સાચા રોલ મોડેલ્સ શોધવા એ આપણી જવાબદારી છે. એવું નથી કે આવા સાચાં રોલ મોડેલ્સ શોધવા અઘરાં છે. તેઓ આપણી સામે જ છે. પંરતુ આપણે આંખ આડે કાન કરી દઈએ છીએ અને એવા જ રોલ મોડેલ્સ પસંદ કરીએ છીએ કે જેઓ આપણું મનોરંજન પુરૂ પાડે.

હિમા દાસ, નીરજ ચોપડા, વિનીતા સિંઘ, સંત પાદરે પીયો, આસિસિના સંત ફ્રાન્સિસ એવાં ઘણાં બધાં પ્રેરણા રૂપ સાચાં મોડેલ્સ છે. પરંતુ અગાઉ કીધું તેમ મનોરંજન પુરૂ પાડવા વાળો આંખે વળગી જાય છે. માટે રોલ મોડેલ્સ એવા પસંદ કરો કે જે તમને ટેકો પૂરોપાડે, તમારામાં સાચાં મૂલ્યોનુંસિંચન કરે અને તમને સાચી માન્યતાઓ તરફ દોરી જાય.

શું તમારા માર્ગદર્શક ‘દીવા’ અર્થાત ‘પ્રકાશ’ જેવા છે? માર્ગદર્શક એવા પંસદ કરો કે ‘જે તમને પ્રકાશ પુરો પાડે’ અને માર્ગદર્શક વિશે વધુ માહિતી બાઇબલમાં અનુસંહિતાના ગ્રંથમાં 17: 17-19 આપેલ છે. હવે, શીખવાનું રહયું કે તમે પ્રકાશ કઈ રીતે ફેલાવો .

**“તમે દુનિયાના દિવા છો; દિવો ઘરના બધાને અજવાળુંઆપે છે” (માથ્થી 5: 14-15).**

આપણા જીવનમાં ઘણાં એવા વ્યક્તિઓ મળશે જેઓ આપણને ગમશે અને સારા લાગશે. પરંતુ આપણે એ નક્કી કરવાનું રહયું કે આપણે મનોરંજન જોઈએ છે કે માર્ગદર્શન ?

• Brother Ripal Vaghela
Diocese of Ahmedabad

# બાઈબલમાં સ્ત્રીનું સ્થાન

-વિપુલ એમ વાઘેલા, ઉમરેઠ

બાઈબલમાં પુરુષ પાત્રો આખા બાઈબલમાં બધે જ છે. ઈસુના ૧૨ શિષ્યો પણ પુરુષ હતા. ઘણાં પુરુષોની વાતો બાઈબલમાં આપણે વાંચીએ છીએ, જેમકે મુસા, અબ્રાહમ, દાઉદ રાજા, યહોશુઆ અને બીજા ઘણાંબધા.
પણ સ્ત્રીઓ વિશે બાઈબલ શું કહે છે તેની થોડી બાબતો જોઈશું.

સ્ત્રીની રચના : સ્ત્રી ઈશ્વરના સર્જનનું એક ખુબ જ મહત્વનું પાસું છે. ઈશ્વરે પહેલી વારમાં જ સ્ત્રીનું સર્જન નહતું કર્યું. શરૂઆતમાં ઈશ્વરે દરેક પ્રાણીઓને જોડીમાં બનાવ્યા હતા. (ઉત્પતિ ૧:૨૭) પણ ઈશ્વરે માણસને (આદમને) એકલાને જ બનાવ્યો હતો. પણ ઉત્પતિ ૨:૧૮માં ઈશ્વર કહે છે કે, "માણસ એકલો રહે તે સારું નથી , હું તેને યોગ્ય એવી એક સહાયકારી સૃજાવીશ"
તો આમ જોતા સ્ત્રી એ ઈશ્વરનું છેલ્લું સર્જન છે. બીજી રીતે, સ્ત્રી એ ઈશ્વરના સર્જનને સંપૂર્ણ કરે છે. અથવા ઈશ્વર સ્ત્રીના સર્જનની સાથે સર્જનનું કાર્ય સંપન્ન કરે છે.
બાઈબલના અમુક ખાસ સ્ત્રી પાત્રો. : હવા, રીબેકા, રાહેલ, એસ્તર, દેબોરાહ(ન્યાયાધીશો ૪), રહાબ(યહોશુઆ ૨, ૬:૨૨-૨૫) હાન્ના ( ૧ શમુએલ ૧ &૨) પ્રભુ ઈસુના માતા મરિયમ, મગ્દલાની મરિયમ, પ્રીસ્કીલા વગેરે.

પવિત્ર બાઈબલ સ્ત્રીને ખુબ જ માન અને મહત્વ આપે છે. ઈશ્વર માટે સ્ત્રી અને પુરુષ બંને માટેની હાકલ સમાન જ છે. ઈશ્વરે તેમની યોજના માટે ઘણી સ્ત્રીઓને ઘણી જગ્યા એ ઉપયોગમાં લીધી છે.

ઈશ્વરે દેબોરાહને ન્યાયાધીશ બનાવી.
ઈશ્વરે તેના લોકોને બચાવવા માટે એસ્તર રાણીનો ઉપયોગ કર્યો.
ઈશ્વરે પોતે માનવદેહમાં જન્મ લેવા માટે મરિયમનો ઉપયોગ કર્યો.
ઈશ્વરે મંડળીમાં શિક્ષક તરીકે પ્રિસ્કીલાનો ઉપયોગ કર્યો.
પ્રભુ ઈસુએ બાઈબલમાં ઘણી સ્ત્રીઓને ગંભીર બીમારીઓથી સાજાપણું આપ્યું છે.
આજના સમયમાં પણ ઈશ્વર ઘણી બધી સ્ત્રીઓ ઈશ્વરના વચનોનો પ્રચાર આખી દુનિયામાં કરે છે.
પ્રભુ ઈસુને જયારે ક્રૂસ ઉપર ચડાવવામાં આવ્યા, ત્યાર બાદ થોડો સમય શિષ્યો સુઝબુઝ રહિત અને શોકાતુર હતા. અને પ્રભુ

પ્રભુ ઈસુને શોધી નહતા શક્યા અને મળ્યા ત્યારે ઓળખી પણ નહતા શક્યા. એવા સમયે મગ્દલાની મરિયમ અને બીજી અમુક સ્ત્રીઓ ઈસુની કબર પાસે ગઈ હતી. સ્ત્રીઓ પ્રભુ ઈસુના પુનરુત્થાન વિશે જાણનાર પ્રથમ હતી.

બાઈબલ સ્ત્રીઓને ખુબ માન આપે છે તે એ રીતે પણ જોઈ શકાય કે, વ્યભિચારના પાપને ઈશ્વર ખુબ ગંભીરતાથી લે છે. બાઈબલમાં લખેલ છે કે, "વ્યભિચાર ન કર, એમ કહેલું હતું એ તમે સાંભળ્યું છે; પણ હું તમને કહું છું કે, સ્ત્રી ઉપર જે કોઈ ખોટી નજર કરે છે, તેણે એટલામાં જ પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કર્યો છે." (માથ્થી ૫:૨૭)
વ્યભિચારનું પાપ ઈશ્વરની નજરમાં બહુ મોટું પાપ છે.

ગણના (રણમાં)૨૭ : સલોફ્દાહની દીકરીઓ પોતાનો અધિકાર માંગે છે. તેમના ઘરમાં કોઈ પુરુષ હતા નહિ. તેમના અધિકારો માટે મુસા ઈશ્વરની પાસે ગયો.ઈશ્વરે દીકરીઓ માટે એક રસ્તો કાઢી આપ્યો. અને દીકરીઓને તેમનો અધિકાર અપાવ્યો. તે સ્ત્રીઓને તેમનો અધિકાર પણ અપાવે છે.

ઈશ્વરના રાજ્યમાં સ્ત્રી પુરુષ બંને એકબીજાના પુરક છે. ઈશ્વરે તેમને તેઓના જીવનમાં સમાન બનાવ્યા છે. અને તેઓએ એકબીજાને હમેશાં માન સન્માન આપવાનું છે.

પુરુષો માટે પ્રાર્થનાની બાબતમાં એક ચાવી: "તે જ પ્રમાણે પતિઓ, સ્ત્રી નબળું પાત્ર છે એમ જાણીને, તેની સાથે સમજણપૂર્વક રહો. અને તમે તેઓની સાથે જીવનની કૃપાના સહવારસ છો એમ ગણીને, તેને માન આપો; જેથી તમારી પ્રાર્થનાઓ અટકાવવામાં ન આવે.(૧ પિતર ૩:૭)

ઘણી વાર આપણે જોઈએ છીએ કે ઘણી જગ્યાઓએ સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન હોય એમ વર્તે છે. જે બાબત સાવ ખોટી છે. ઇસુ ખ્રિસ્તના અનુયાયી તરીકે આપણી ફરજ છે કે આપણે એકબીજાને પ્રેમ કરીએ, જે રીતે પ્રભુ ઇસુ તેમની મંડળીને પ્રેમ કરે છે.
આપણે દરેક આપણા જીવનમાં હોય તે દરેક સ્ત્રી માટે ઈશ્વરનો આભાર માનવો જોઈએ. જે માતા, પત્ની, બહેન કે કોઈ સગા હોય. સાથે સાથે આપણે તે બધી સ્ત્રીઓનો પણ આભાર માનવો જોઈએ.

ઈશ્વર આપણને દરેકને આશીર્વાદ આપે......

# તું માનવી માનવ થા તો ઘણું

-કેવિન પરમાર

તું માનવી, માનવ થા તો ઘણું છે.
શોધે છે ખામીઓ બીજામાં,
પોતાની નબળાઈઓ જાણ તો ઘણું છે...
ઠરાવે છે સ્વજીવનને દુઃખી,
બીજાનો શોક સમજ તો ઘણું છે...
શોખના અંબાર પર આસન કરી બેઠો છે,
તું જરૂરિયાત સમજે તો ઘણું છે...
ધરાઈને જમે છે પાપી પૈસાથી તું ,
પેલા ગરીબોના ખાલી પેટનો અવાજ સાંભળે તો ઘણું છે...
દાવો કરે છે તું દુનિયા અપ્રમાણિક હોવાનો,
પોતાની પ્રમાણિકતાની ટકાવારી કાઢે તો ઘણું છે...
ચિંધે છે આંગળી તું એને પાપી કહેવા,
અરે! પોતાના દોષો નો ઘડો જો તો ઘણું છે...
શાંત્વનના પાઠનો શિક્ષક બની ગયો છે તું,
પોતે શાંતિથી જીવે તો ઘણું છે...
નર્કનાં રસ્તા નો મુસાફર બની ધન માટે તરસે છે તું,
બની પ્રભુનો દાસ સ્વર્ગને જાણે તો ઘણું છે...
તું માનવી માનવ થાતો ઘણું છે...માનવ થા તો ઘણું છે...

# PENANCE, REPENTANCE, SIN AND LENT

The origin of the word " Lent" has Germanic roots. Its literal meaning means " Lengthening" of days or spring time.

Lent is an annual period of fasting and repentance in preparation for Easter. It begins on Ash Wednesday and lasts 40 weekdays to Easter.

In essence, the season of lent is a time for self – examination, repentance and the renewal of our relationship with one another and with God through prayer, fasting and acts of charity.

The ashes of Ash Wednesday are a tangible sign of our mortality and penitence. In other words, a powerful sign of our entry into the season of lent – a time of repentance, renewal and reconciliation. Above all a time of grace.

**SIN:** When we speak of sin – It's true that sin puts up a barrier between us and God and cuts us off from the fellowship He wants us to have with Him. In (Isaiah 59: 2) " But your iniquities (sins) have separated you from your God; your sins have hidden His face from you, so that He will not hear".

I just want to draw your attention to the three deadly sins. They are selfishness, lust and pride. These manifestations of the flesh are in direct opposition to the life and peace that God has given us in redemption through Jesus Christ. To Sum up: Selfishness opposes faith, lust opposes hope and pride opposes love.

**REPENTANCE:** To err is human. It is a universal phenomenon. We all sin and fail. Because we have failed, we need to repent for our ways actions and behaviours and mend them. As part of repentance, we are deeply sorry for frailties and resolve with God's grace, not repeating them but replacing them with good ways and actions. Reviewing our

past in the present entails seeking God's grace by doing some penance.

**PENANCE:** An act that shows that you feel sorry about something that you have done. For penance is an experience of the gift of God's boundless mercy. Not only does it free us from our sins but it also challenges us to have the same kind of compassion and forgiveness for those who sin against us. We are liberated to be forgivers through the sacrament of Reconciliation.

So, as I conclude, I would say, let us take some time to introspect or do self examination. For example, let us look inside of our self – are we being unforgiving or harbouring hurts or not communicating / interacting with others for some reason or the other. If this is the case, Lent is the opportune time to reconcile with others and God. I wish that the 40 days of Lent be springtime for the heart of everyone.

- Sr. Jennifer S.R.A.
Matar.

## મારો નાથ રે...

વધસ્તંભે જડાયો મારો નાથ રે
માનવ કાજે હોમી એની જાત રે
શિર પર મુક્યો કાંટાડો તાજ રે
ઈસુએ વેદના સહી છે અપરંપાર રે
રુધિર ની ધારા વહે રેલમ છેલ રે
કોરડા થપ્પડ થુંક અપમાન સહનારે.
ખોટા આક્ષેપે પિલાતુસના દરબારે
પાપને નષ્ટ કરવા દોષિત થનાર રે
ભારે ક્રૂસ લઈ કાલવાળી ચઢનાર રે
ત્રણ વાર જમીન પર પડનાર રે
હાથે પગે એને ખીલા માર્યા લાકડા
ના ક્રૂસ ઉપર જડી ઉચે કરાયો રે.
છેલ્લી વાણી એટલી જ કહી કે આ
લોકો શું કરી રહ્યા તેઓને માફ કર રે.
ત્રીજા દિવસના પરોઢિયા માં નાથ
મારો મૃત્યુ માંથી સજીવન થાય રે

- **કવિ. શૈલેષ વાણીયા**
'શૈલ' તંત્રી આપણી મા સામાયિક ખંભોળજ

# TEN QUESTIONS YOUCAT TRANSLATION

## 1. આપણે અહીં પૃથ્વી પર શા માટે છીએ?

આપણે અહીં પૃથ્વી પર ઈશ્વરને જાણવા, પ્રેમ કરવા, તેમની ઇચ્છા મુજબ ભલા કાર્યો કરવા અને જીવન ના અંતે સ્વર્ગગમન કરવા માટે છીએ.

માણસ બનવું એટલે ઈશ્વર તરફથી આવવું અને ઈશ્વર પાસે પરત જવું. આપણું મૂળ આપણા માતા-પિતા કરતાં વધુ પાછળ જાય છે. આપણે ઈશ્વર તરફથી આવ્યા છીએ, જેમનામાં સ્વર્ગ અને પૃથ્વીનો સઘળો આનંદ સમાઈ જાય છે ઉપરાંત આપણે તેમના શાશ્વત, અનંત આશીર્વાદની અપેક્ષા રાખીએ છીએ. દરમિયાન, આપણે આ પૃથ્વી પર રહીએ છીએ ત્યારે ક્યારેક આપણને લાગે છે કે આપણો સર્જક નજીક છે; ઘણી વાર આપણને કશું જ લાગતું નથી. આપણે આપણા ઘરનો રસ્તો શોધી શકીએ, ઈશ્વરે આપણને તેના પુત્રને મોકલ્યો, જેણે આપણને પાપમાંથી મુક્ત કર્યા, આપણને બધી દુષ્ટતાથી બચાવ્યા, અને જે ખચિત આપણને સાચા જીવનમાં દોરી જાય છે. તે "માર્ગ, સત્ય અને જીવન" છે (યોહાન 14:6)

## 2. ઈશ્વરે આપણને શા માટે બનાવ્યા?

ઈશ્વરે આપણને મુક્ત અને નિ:સ્વાર્થ પ્રેમથી બનાવ્યા છે.

જ્યારે કોઈ માણસ પ્રેમ કરે છે, ત્યારે તેનું હૃદય છલકાઈ જાય છે. તે પોતાનો આનંદ બીજાઓ સાથે વહેંચવા માંગે છે. તે તેના સર્જક પાસેથી આ મેળવે છે. ઈશ્વર એક રહસ્ય હોવા છતાં, આપણે હજી પણ તેના વિશે માનવીય રીતે વિચારી શકીએ છીએ અને કહી શકીએ છીએ: તેના પ્રેમના "વધારા"માંથી તેણે આપણને બનાવ્યા છે. તે તેનો અનંત આનંદ આપણી સાથે વહેંચવા માંગતો હતો, જેઓ તેના પ્રેમની પ્રતિકૃતિઓ છે.

## 3. આપણે ઈશ્વરને શા માટે શોધીએ છીએ?

ઈશ્વરે આપણા હૃદયમાં તેને શોધવાની ઝંખના મૂકી છે.

સંત ઓગસ્ટિન કહે છે, "તમે અમને તમારા માટે બનાવ્યા છે, અને જ્યાં સુધી તે તમારામાં ન રહે ત્યાં સુધી અમારું હૃદય અશાંત છે." આને આપણે ઈશ્વરની ઝંખના કહીએ છીએ.માણસ ઈશ્વરને શોધે એ સ્વાભાવિક છે. સત્ય અને પ્રસન્નતા માટેના આપણા બધા પ્રયત્નો આખરે એવા વ્યક્તિની શોધ છે જે આપણને સંપૂર્ણ ટેકો આપે છે, આપણને સંપૂર્ણ સંતોષ આપે છે અને તેની સેવામાં આપણને સંપૂર્ણપણે કામે લગાડે છે. જ્યાં સુધી તેને ઈશ્વર ન મળે ત્યાં સુધી વ્યક્તિ સંપૂર્ણ બનતો નથી.

"કોઈપણ વ્યક્તિ કે જે સત્યની શોધમાં છે તે ઈશ્વરને શોધે છે, પછી ભલે તેને તે વિષે ખ્યાલ હોય કે નહિ" (સેન્ટ.એડિથ સ્ટેઈન)

## 4 શું આપણે આપણા કારણથી ઈશ્વરના અસ્તિત્વને જાણી શકીએ છીએ?

હા. માનવ કારણ ઈશ્વરને નિશ્ચિતપણે જાણી શકે છે.

જગતનું મૂળ અને તેનું લક્ષ્ય પોતાની અંદર ન હોઈ શકે. અસ્તિત્વમાં છે તે દરેક વસ્તુમાં, આપણે જોઈએ છીએ તેના કરતાં વધુ છે. ક્રમ, સુંદરતા, અને વિશ્વનો વિકાસ પોતાને પરમાત્મા તરફ નિર્દેશ કરે છે. દરેક માણસ જે સાચું, સારું અને સુંદર છે તેને સ્વીકારે છે. તે પોતાના અંતરઅંતરાત્માનો અવાજ સાંભળે છે, જે તેને જે સારું છે તે માટે વિનંતી કરે છે અને જે ખરાબ છે તેની સામે ચેતવણી આપે છે. જે કોઈ આ માર્ગને અનુસરે છે તે વ્યાજબી રીતે ઈશ્વરને શોધે છે.

## 5. જો લોકો તેને કારણથી ઓળખી શકે તો ઈશ્વર અસ્તિત્વમાં છે તેનો લોકો શા માટે નકાર કરે છે?

અદ્રશ્ય ઈશ્વરને જાણવો એ માનવ મન માટે એક મોટો પડકાર છે. ઘણા તેનાથી ડરી ગયા છે. અમુક લોકો ઈશ્વરને જાણવા માંગતા નથી તેનું બીજું કારણ એ છે કે પછી તેઓએ પોતાનું જીવન બદલવું પડશે. કોઈપણ વ્યકી જે એમ કહે છે કે ઈશ્વર વિશેનો પ્રશ્ન અર્થહીન છે કારણ કે તેનો જવાબ આપી શકાતો નથી તે પોતાની જ સ્વેચ્છાઓના પ્રાધાન્યને માટે સઘળું આસાન કરી દે છે.

ઓના પ્રાધાન્યને માટે સઘળું આસાન કરી દે છે.

## 6. શું આપણે ઈશ્વરને ખ્યાલોમાં જરા પણ સમજી શકીએ છીએ? શું તેના વિશે અર્થપૂર્ણ રીતે બોલવું શક્ય છે?

જો કે આપણે મનુષ્યો મર્યાદિત છીએ અને ઈશ્વરની અનંત મહાનતા ક્યારેય મર્યાદિત માનવ ખ્યાલોમાં બંધબેસતી નથી, તેમ છતાં આપણે ઈશ્વર વિશે યોગ્ય રીતે બોલી શકીએ છીએ.

ઈશ્વર વિશે કંઈક વ્યક્ત કરવા માટે, આપણે અપૂર્ણ છબીઓ અને મર્યાદિત કલ્પનાઓનો ઉપયોગ કરીએ છીએ. અને તેથી ઈશ્વર વિશે આપણે જે કંઈ કહીએ છીએ તે આપણી એક અનામત સિમિત ભાષા માત્ર છે જે ઈશ્વરની મહાનતા ને આંબવા પૂરતી નથી. તેથી આપણે ઈશ્વર વિશેની આપણી વાણીને સતત શુદ્ધ રાખવી અને સુધારવી જોઈએ.

7 ઈશ્વર કેવો છે તે આપણે જાણી શકીએ એ માટે ઈશ્વરે શા માટે પોતાને બતાવવાની જરૂર હતી?

માણસ કારણથી જાણી શકે છે કે ઈશ્વરનું છે, પરંતુ ઈશ્વર ખરેખર કેવા છે તે કોઈ જાણતું નથી. તેમ છતાં, કારણ કે ભગવાન ખૂબ જ ઓળખવા માંગે છે, તેણે પોતાની જાતને જાહેર કરી છે. ઈશ્વરે આપણને પોતાને પ્રગટ કરવાની

જરૂર નહોતી. પરંતુ તેણે તે કર્યું - પ્રેમથી. જેમ માનવીય પ્રેમમાં કોઈ પ્રિય વ્યક્તિ આપણા માટે તેનું હૃદય ખોલે તો જ તેના વિશે કંઈક જાણી શકે છે, તેવી જ રીતે આપણે પણ ઈશ્વરના આંતરિક વિચારો વિશે કંઈક જાણીએ છીએ કારણ કે શાશ્વત અને રહસ્યમય ઈશ્વરને પોતાને પ્રેમથી આપણા માટે ખોલ્યો છે. સર્જનથી લઈને, પિતૃઓ અને પ્રબોધકો દ્વારા તેમના પુત્ર ઈસુ ખ્રિસ્તમાં→ પ્રકટીકરણ સુધી, ઈશ્વર માનવજાત સાથે વારંવાર બોલ્યા છે. એમ કરીને તેમણે તેમનું હૃદય આપણા માટે ઠાલવ્યું છે અને તેનું અંતર આપણા માટે દૃશ્યમાન કર્યું છે.

## 8. જૂના કરારમાં ઈશ્વર પોતાને કેવી રીતે પ્રગટ કરે છે?

ઈશ્વર → જૂના કરારમાં પોતાને ઈશ્વર તરીકે બતાવે છે, જેમણે પ્રેમથી વિશ્વનું સર્જન કર્યું અને જ્યારે તેમનો પ્રેમ માણસજાત પાપમાં પડી છતાં અચળ રહ્યો.

ઈશ્વર ઇતિહાસમાં સ્વયં નો અનુભવ અપાવવાની ઘટનાઓ ઘડે છે: નુહ સાથે તે તમામ જીવંત વસ્તુઓને બચાવવા માટે કરાર સ્થાપિત કરે છે. તે ઈબ્રાહીમને "ઘણી દેશ જાતિઓનો પિતા" (ઉત્પતિ 17:5) થવા અને તેમનામાં "પૃથ્વીના સઘળા કુટુંબો" ને આશીર્વાદ આપવા (ઉત્પતિ 12:3) બોલાવે છે. ઇઝરાયેલ લોકો, ઈબ્રાહીમથી ઉછરેલા, તેમના વિશેષ બની જાય છે. મુસાને તે નામથી પોતાનો પરિચય આપે છે. יהוה → YHWH, YHWH, જે → יהוה તેમનું રહસ્યમય નામ સામાન્ય રીતે Yahweh તરીકે લખવામાં આવે છે, જેનો અર્થ થાય છે "હું જે છું તે હું છું" (નિર્ગમન 3:14). તે ઇઝરાયેલને મિસરની ગુલામીમાંથી મુક્ત કરે છે, સિનાઇ પર તેમની સાથે કરાર સ્થાપિત કરે છે, અને મૂસા દ્વારા તેમને નિયમસંહિતા આપે છે. લોકોને પોતાની બાજુ પાછા લાવવા ઈશ્વર વારંવાર પ્રબોધકોને મોકલે છે. પ્રબોધકો ઘોષણા કરે છે કે ઈશ્વર એક નવો અને શાશ્વત કરાર સ્થાપિત કરશે, જે .આમૂલ નવીકરણ અને નિશ્ચિત મુક્તિ લાવશે આ કરાર તમામ મનુષ્યો માટે ખુલ્લો રહેશે.

## 9. જ્યારે ઈશ્વર પોતાના પુત્રને આપણી પાસે મોકલે છે ત્યારે પોતાના વિશે આપણને શું બતાવે છે?

ઈશ્વર આપણને ઈસુ ખ્રિસ્તમાં તેના દયાવાન પ્રેમની સંપૂર્ણ ઊંડાઈ બતાવે છે.

ઈસુ ખ્રિસ્ત દ્વારા અદૃશ્ય ઈશ્વર દૃશ્યમાન બને છે. તે આપણા જેવો માણસ બની જાય છે. આ આપણને બતાવે છે કે ઈશ્વરનો પ્રેમ કેટલો અસીમિત: તે આપણો સંપૂર્ણ બોજ ઉઠાવે છે. તે આપણી સાથે દરેક પંથે ચાલે છે. તે આપણા ત્યાગમાં, આપણી વેદનાઓમાં, મૃત્યુના ભયમાં છે. તે ત્યાં છે જ્યાં આપણે વધુ દૂર જઈ શકતા નથી, જેથી આપણા માટે જીવન તરફ દોરી જતા દરવાજા ખોલી શકે.

આ તેમનું [ધર્મશાસ્ત્રીનું] ધ્યેય છે: આપણા જમાનાની અને અન્ય સમયે, શબ્દોની વિપુલતામાં, જરૂરી શબ્દો સાંભળવા માટે. શબ્દો દ્વારા, તેનો અર્થ એ છે કે શબ્દ, શબ્દ જે

ઈશ્વર તરફથી આવે છે, તે શબ્દ જે સ્વયં ઈશ્વર છે તેને રજૂ કરે છે. પોપ બેનેડિક્ટ સોળમા દ્વારા, ઑક્ટોબર 6, 2006 ના રોજ ઈશ્વર વિશે જે કહેવામાં આવ્યું તે સ્વયં ઈશ્વર દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યું તેવું અનુમાન છે. એસ.ટી. એડીથ સ્ટેઈન (1891-1942, યહૂદી ખ્રિસ્તી, ફિલોસોફર, અને કાર્મેલાઇટ સાધ્વી, હિટલરના concentration camp ની પીડિતા) ઈસુ ખ્રિસ્તમાં, ઈશ્વરે માનવ મુખાકૃતિ લીધી અને આપણા મિત્ર અને ભાઈ બન્યા. પોપ બેનેડિક્ટ XVI, સપ્ટેમ્બર 6, 2006.

### 10. ઈસુ ખ્રિસ્ત સાથે, શું બધું જ કહેવામાં આવ્યું છે, અથવા તેમના પછી પણ પ્રકટીકરણ ચાલુ રહે છે?

ઈસુ ખ્રિસ્તમાં, ઈશ્વર પોતે પૃથ્વી પર આવ્યા. તે ઈશ્વરનો અંતિમ શબ્દ છે. તેને સાંભળીને, દરેક સમયના બધા માણસો જાણી શકે છે કે ઈશ્વર કોણ છે અને તેમની મુક્તિ માટે શું જરૂરી છે.
ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે, → ઈશ્વરનો સાક્ષાત્કાર સંપૂર્ણ છે. તે આપણા માટે સમજી શકાય તેવું બનાવવા માટે, પવિત્ર આત્મા આપણને સત્યમાં વધુ ઊંડે લઈ જાય છે. ઈશ્વરનો પ્રકાશ એટલો બળપૂર્વક ઘણા વ્યક્તિઓના જીવનમાં તૂટી જાય છે કે તેઓ "સ્વર્ગ ખુલ્લું જુએ છે" (પ્રેરિતોનાં કૃત્યો 7:56). આ રીતે મેક્સિકોમાં ગ્વાડાલુપે અથવા ફ્રાન્સમાં લોર્ડેસ જેવા મહાન તીર્થસ્થાનો આવ્યા. દાર્શનીકોના "અંગત સાક્ષાત્કારો" ઈસુ ખ્રિસ્તની સુવાર્તા થકી માત્ર સુધરી શકતા નથી. તેમનામાં વિશ્વાસ રાખવા માટે કોઈ બંધાયેલું નથી. પરંતુ તેઓ સુવાર્તાને વધુ સારી રીતે સમજવામાં મદદ કરી શકે છે. તેમની અધિકૃતતા →ચર્ચ (મંડળી) દ્વારા ચકાસવામાં આવે છે

**આપણા I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંતના યુવાન-યુવતીઓ જો વોટ્સએપ ગ્રુપમાં જોડાયેલ ન હોય તો નીચેના નંબર ઉપર સંપર્ક સાધવો.**

WhatsApp

**+91 99742 04136**

**Fr. Edwin Anand**
(Youth Director of Ahmedabad Diocese)

આ વોટ્સએપમાં ગ્રુપ દ્વારા તમને આવનાર કાર્યક્રમ અને જરૂરી માહિતી પ્રાપ્ત થશે.

# વેસ્ટર્ન રીઝન યુથ કોન્ફરન્સ અહેવાલ

તારીખ ૧૯,૨૦ અને ૨૧ જાન્યુઆરી,૨૦૨૪ ના રોજ વેસ્ટર્ન રીઝન યુથ કોન્ફરન્સની ઉજવણી સેન્ટ થોમસ ચર્ચ સેન્ડોર,વસઈ ખાતે રાખવામાં આવી હતી. જેમાં ગુજરાત,મહારાષ્ટ્ર અને ગોવા રાજ્યના અલગ અલગ ધર્મપ્રાંતોના યુવાનોએ ભાગ લીધો હતો. અમદાવાદ ધર્મપ્રાંતમાંથી ICYM અમદાવાદના યુથ ડિરેક્ટર પૂજ્ય ફાધર એડવીન આનંદ, લેડી એનીમેટર રોશની મેકવાન અને ૧૦ યુવાન-યુવતીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

તારીખ ૧૯ જાન્યુઆરીના રોજ કાર્યક્રમની શરૂઆત રેલી સાંજે ૪ વાગ્યે કરવામાં આવી.જેમાં અલગ-અલગ ધર્મપ્રાંતના યુવાન-યુવતીઓએ પોતાના ધર્મપ્રાંતનો ધ્વજ લઈને જોડાયા હતા.ત્યારબાદ ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો જેમાં સૌ પ્રથમ આપણા દેશનો ધ્વજ, આઈસીવાયએમ ભારતનો ધ્વજ અને ત્યારબાદ અલગ-અલગ ધર્મપ્રાંતના પ્રતિનિધિઓએ પોતાના ધર્મપ્રાંતનો ધ્વજ ફરકાવ્યો હતો.ત્યારબાદ દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરાયું હતું. વેસ્ટર્ન રીઝનના યુથ ડિરેક્ટર પૂજ્ય ફાધર ક્રિસ્ટોફર વાઝ દ્વારા બધાનુ સ્વાગત કરવામાં આવ્યું હતુ. આઈસીવાયએમ વેસ્ટર્ન રીઝનનાં ચેરમેન બીશપ અને નાસિકના બીશપ બાર્થોલ બરેટો અને અન્ય ફાધરો સિસ્ટરોનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ફાધર જોયલ ડીકુન્હા દ્વારા અને બિશપ બાર્થોલે યુવાનોને સંદેશો આપ્યો હતો. ત્યારબાદ વેસ્ટર્ન રીજીયનના પ્રમુખ જયેશ પથારેદ્વારા આઈસીવાયએમની સમજૂતી આપવામાં આવી હતી આઈસીવાયએમ કયા કયા તબક્કાઓમાં અને કેટલા સ્તરમા કામ કરી રહ્યું છે તે સમજાવવામાં આવ્યું હતું. ત્ત્યારબાદ વર્ષ ૨૦૨૨-૨૦૨૪ નો વેસ્ટર્ન રીઝનનો અહેવાલ વેસ્ટન રીઝનના સેક્રેટરી રેબેકા ડાયસ દ્વારા સંભળાવવામાં આવ્યો હતો. ત્યારબાદ વસઈ યુવાદર્શનના સભ્યો દ્વારા એક્શન સોંગ કરાવવામાં આવ્યા હતા. નાના બ્રેક બાદ જેરીકો માર્ચ પ્રાર્થના કરવામાં આવી હતી. જેમાં યુવાનોએ હાથમાં મીણબત્તી લઈને ચાલતા ચાલતા ગુલાબમાળાની ભક્તિ કરી હતી. યુવાનોને અલગ અલગ પરિવારોમાં રાખવામાં આવ્યા હતા જેથી તેઓ ત્યાંની સંસ્કૃતિ જાણી શકે.

તારીખ ૨૦ જાન્યુઆરીના રોજ સવારે બીશપ બાર્થોલ બરેટોના વરદહસ્તે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. નાસ્તો બાદ

બોમ્બેના યુવાનો દ્વારા એક્શન સોંગ કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ફાધર રોબોટ ડીસુઝા દ્વારા કોન્ફરન્સની થીમ 'પવિત્ર બનો કારણકે હું પવિત્ર છું' પર ટોક આપવામાં આવ્યો હતો. ટોક પછી વેસ્ટર્ન રીઝન યુથ કાઉન્સિલનું ઇલેક્શન રાખવામાં આવ્યું હતું. સાથે સાથે બીજી બાજુ જે લોકો ઇલેક્શનમાં ન હતા તેમના માટે રમતો રમાડવામાં આવી હતી. ચૂંટણી દરમિયાન આપણા અમદાવાદ ધર્મપ્રાંતની યુવતિ શ્રુતિ પરમાર જોઈન્ટ મીડિયા સેક્રેટરી તરીકે ચૂંટાઈ હતી. ત્યારબાદ બધાને ભોજન પીરસવામાં આવ્યું હતું. ભોજન બાદ આપણા અમદાવાદ ધર્મપ્રાંતના યુવાનો દ્વારા એક્શન સોંગ કરાવવામાં આવ્યા હતા.અલગ અલગ ધર્મપ્રાંતના સાંસ્કૃતિક નૃત્ય અને વાર્ષિક રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ VC4U ( We care for you) પર ટોક આપવામાં આવ્યો હતો. VC4U વસઈના યુવાનો દ્વારા ચાલતું એક ગ્રુપ છે જેમાં જે યુવાનો કોઈ મુશ્કેલીમાં છે અથવા ડિપ્રેશનમાં છે તેવા લોકોની મદદ કરે છે અત્યાર સુધી તે લોકોએ ૬૦ કરતાં વધુ લોકોનો જીવ બચાવ્યો છે. ત્યારબાદ નાનો બ્રેક આપવામાં આવ્યો હતો. ત્યારબાદ વસઈના હેનીલ બેન્ડ દ્વારા કોન્સર્ટ રાખવામાં આવ્યો હતો જેમાં યુવાનોએ ઘણો આનંદ કર્યો હતો. મિસ જેનિફર દ્વારા Plastic free Vasai પર ટોક આપવામાં આવ્યો હતો જેમાં તેમણે જણાવ્યું હતું કે કેવી રીતે આપણે આપણા પર્યાવરણને પ્લાસ્ટિકથી બચાવી શકીએ છીએ. ત્યારબાદ મૌન રેલી દ્વારા એક ચર્ચ થી બીજા ચર્ચ લઈ જવામાં આવ્યા હતા અને ત્યાં તેઝે પ્રેયર કરવામાં આવી હતી.

તારીખ ૨૧ જાન્યુઆરીના રોજ સૌપ્રથમ યુવાનોને વસઈના કિલ્લા અને ચર્ચ જોવા લઈ ગયા હતા. ત્યારબાદ સેન્ટ થોમસ ચર્ચ સેન્ડોર ખાતે પૂજ્ય ફાધર રાયમંડ રેમો દ્વારા ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો.ખ્રિસ્તયજ્ઞ દરમિયાન વેસ્ટર્ન રીઝનના યુથ ડિરેક્ટર પૂજ્ય ફાધર ક્રિસ્ટોફર વાઝ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. ભોજન બાદ બધા લોકો છૂટા પડ્યા હતા.

– શ્રુતિ પરમાર
I.C.Y.M
Joint Secretary


YU4C
YOUTH UNITED FOR CHRIST
સાથે જોડાવવા માટે નીચે ની લીંક ઉપર ક્લિક કરો.
CLICK HERE






# Western Region Youth Conference

2 0 2 4







**INDIAN CATHOLIC YOUTH MOVEMENT (DIOCESE OF AHMDEBAD)**







**અમદાવાદ ધર્મપ્રાંતનું ગૌરવ એવા**
**નેલ્સન મેકવાન (પેટલાદ ધર્મવિભાગ) ICYM, રાષ્ટ્રિય સ્તરે ખજાનચી તેમજ શ્રુતિ પરમાર (ચાવડાપુરા ધર્મવિભાગ) ICYM, વેસ્ટર્ન રીઝન યુથ કાઉન્સિલના જોઇન્ટ મીડિયા સેક્રેટરી તરીકે ચૂંટાઈ આવ્યાં તે બદલ ICYM અમદાવાદ ધર્મપ્રાંત તરફથી ખૂબ જ શુભેચ્છાઓ તેમજ અભિનંદન.**


લોયેલા હૉસ્ટેલ, કરમસદ
ફક્ત ભાઈઓ માટે
પ્રવેશ ચાલુ છે.
કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે
લોયોલા હોસ્ટેલ, મિશન રોડ, કરમસદ, ગુજરાત, 388325
રહેવા, ભણવા અને જમવાની ઉત્તમ સુવિધાઓ સાથે.
શ્રેષ્ઠ શિક્ષણ અને પાયાનું જ્ઞાન
સંપર્ક: ફાધર એડવિન આનંદ: 9974204136


શુ તમે ધર્મગુરુ બની પ્રભુ પ્રજાની
સેવા કરવા ઈચ્છો છો?
હાકલ
શિબિર
તો આવો...
અમદાવાદ ધર્મપ્રાંત તમને
આવકારે છે.
તારીખ:- 9 એપ્રિલ
સવારે 10 કલાક
થી 10 એપ્રિલ
સાંજે 5 કલાક
પ્રાર્થના
પવિત્ર જીવન
સેવા
સાહસ
સંત જોસેફ સેમિનરી, પાસ્ટ્રલ સેન્ટર, જુના ડુમરાલ
રોડ, નડીઆદ-૩૮૭૦૦૨, જિ.ખેડા (ગુજરાત)
વધુ મહિતી માટે સંપર્ક કરો : +૯૧ ૯૭૩૭૫ ૮૨૮૭૮

I.C.Y.M EVENT


આઇ સી વાય એમ
અમદાવાદ ધર્મપ્રાંત આયોજીત
નવજન્મ
યુથ અને ટીનેજર્સ રીટ્રીટ
રજીસ્ટ્રેશન
કરાવો
ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ
માટે વિશેષ પ્રાર્થના
+૯૧ ૯૭૨૬૬ ૪૫૨૫૩
વય મર્યાદા
૧૬ થી ૩૫ વર્ષ
તારીખ
૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૪
સમય
સવારના ૯ : ૩૦ થી સાંજે ૫ :૦૦ સુધી
સ્થળ
નગરા દેવળ, ખંભાત
રજીસ્ટ્રેશન ફી
૧૦૦ રૂપિયા


I.C.Y.M. AHMEDABAD DIOCESE
New
LIFE
KAIROS - 2024
REGISTER
NOW
SPECIAL PRAYER FOR STD 10TH &
12TH BOARD EXAM STUDENTS.
+91 97266 45253
AGE LIMIT
16 TO 35 YEARS
Mark Your Calendar
18TH FEB, 2024
Time
9:30 AM TO 5:00 PM
Location
NAGRA CHURCH, KHAMBHAT
LAST DATE FOR REGISTRATION
4TH FEBRUARY.
REGISTER THROUGH YOUR
PARISH PRIEST.
REGISTRATION FEES
100 /-




# *Spoken English Camp*

જે બાળકો, કિશોરો અને યુવાઓ ઉનાળુ સ્પોકન ઇંગ્લિશ કેમ્પમાં આવવાની ઈચ્છા ધરાવતા હોય તેઓ પોતાના નામ વહેલી તકે ફા.એડવિન આનંદ ને નોંધાવી શકો છો. જેથી યોગ્ય આયોજન કરી શકાય. (છોકરા - છોકરીઓની રહેવા જમવાની સગવડ કરવામાં આવશે.)